૮

આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે મકાન ભાડે રાખવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૮/૨૦૫૨૪૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૫/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૧૧/૨૦૧૮નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૧૨/૨૦૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૨/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ નં. વિજાક-આનિશા-૨૦૨૧-૨૨-૧૮-૧૯

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૮ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયાર, ૭, શ્રદ્ધા સોસાયટી, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગરનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દશ હજાર પુરા) અથવા માર્ગ અને મકાન વિભાગ નક્કી કરે તે પૈકી જે ઓછું હોય તે પ્રમાણે મકાનનો કબજો લેવામાં આવે તે તારીખથી એક વર્ષ માટે ભાડે રાખવાની શરતોને આધીન મંજૂરી આપવામાં આવેલ હતી. સદરહુ મકાનના કબજાની મુદત પૂર્ણ થતા વંચાણે લીધેલ ક્રમાંક (૨) અને (૩) પરના ઠરાવથી વખતોવખત મુદતમાં વધારો કરી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી મકાન ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. આ મુદત તા.૩૧/૧૨/૨૦૨૧ના રોજ પૂર્ણ થયેલ હોવાથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો વંચાણે લીધેલ ક્રમાંક (૪) સામેના પત્રથી સદરહુ મકાન સરકારી મકાન ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ભાડેથી ચાલુ રાખવા માટેની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા(અગરિયા) કન્યા, સુરેન્દ્રનગર માટે શ્રી રાણુભા જી. પઢિયારનું સ્વતંત્ર માલિકીનું સર્વે નં.૧૭૨૩ પ્લોટ નં. ૧૦૮ થી ૧૧૯ હેઠળની મિલકતનું મકાન માસિક રૂ.૧,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દશ હજાર પુરા)ના ભાડેથી અન્ય સરકારી મકાન ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વધુ એક વર્ષ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.

(૨) આ મકાનમાં આદર્શ નિવાસી શાળાને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે. તમામ બાથરૂમ/સંડાસ સ્વચ્છ રાખવાની તથા મેઈન્ટેન્સની જવાબદારી મકાન માલિકની રહેશે.

(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) આ મકાન ભાડે રાખ્યા બાદ ૦૧(એક) વર્ષમાં આ આદર્શ નિવાસી શાળા માટે સરકારી મકાન બનાવવા માટેની હવે પછીની તમામ કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ઝડપથી પૂર્ણ કરવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીની રહેશે.

(૮) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

(૯) આ મકાનનો વેરો(સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલિકા) મકાનમાલિકે ભરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

યુ.કે.પાઠક

**( યુ. કે. પાઠક )**

**ઉપ સચિવ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

(૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૩) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરેન્દ્રનગર

(૪) નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

(૬) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૭) સિલેકટ ફાઇલ